આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯૯ | ૧૯ જૂન, ૨૦૧૩, બુધવાર; જયેષ્ઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




સંબંધમાં ફૂંક માટે બધુ જ કરો પણ જયારે તાપ લાગવા લાગે ત્યારે ચેતી જાવ
- ટોલ્સટોય

# સીએનજી-પીએનજીમાં ભાવ વધારો

## ગાંધીનગર શહેરના મધ્યમવર્ગીય સમાજ પર ભાવવધારાનો વધુ એક ઝટકો : સીએનજીમાં પ્રતિ કિલોએ બે રૂપિયા અને પીએનજીમાં પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટરમાં જુદા જુદા સેગમેન્ટમાં પાંચ થી ઓગણીસ રૂપિયા સુધીનો ભાવવધારો આજથી અમલી બનશે



ગાંધીનગર, તા. ૧૮ ગાંધીનગર શહેરમાં પી.એન.જી. ગેસ ધારકોને આપવામાં આવતા ગેસમાં પ્રતિ ક્યુબીક મીટર રૂ. ચારનો ભાવ વધારો કરવાનો નિર્ણય જી.એસ.પી.સી. દ્વારા કરવામાં આવ્યો છે. આ ભાવ-વધારો આજથી અમલી બનશે.

એક જ વર્ષના ગાળામાં બે તબક્કામાં રૂ. ૭નો વધારો કરવામાં આવ્યો છે. પહેલા રૂ. ૩નો વધારો કરવામાં આવ્યો હતો આ પછી આજે બીજા રૂ. ૪નો વધારો ઘરવપરાશના ગેસના દરમાં કરાતાં ગાંધીનગરના રહીશોનું બજેટ ખોરવાઈ જશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ૨૦હજારથી વધુ ગેસ કનેક્શનો જી.એસ.પી.સી.ના છે. એકાએક કરાયેલ ભાવ-વધારાએ પાટનગરવાસીઓને આંચકો આપ્યો છે. જો કે જી.એસ.પી.સી.ના સત્તાવાળાઓનું માનવું છે કે જે પ્રમાણે સેવાઓ કંપની આપી રહી છે તે શ્રેષ્ઠત્તમ છે.

કંપનીની સત્તાવાર યાદીમાં જણાવાયા પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા વારંવાર રજૂઆતો તથા જીએસપીસી ગેસ કંપની દ્વારા વિનંતીઓ કરવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા જીએસપીસી ગેસને સસ્તા સ્થાનિક ગેસનો પુરવઠો ફાળવવામાં આવ્યો નથી.

જુલાઈ-૨૦૧૨માં ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેન્દ્ર સરકારને મુંબઈ અને નવી દિલ્હીને જે ધોરણે સસ્તો ગેસ આપવામાં આવે છે તેવો સસ્તો ગેસ ગુજરાતને ફાળવવામાં આવે તેવો સ્પષ્ટ નિર્દેશ આપેલ છે તેમ છતાં કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી ગુજરાતને કોઈ પણ પ્રકારનો સસ્તો ગેસ ફાળવવામાં આવ્યો નથી.

સ્થાનિક સસ્તો ગેસ ન મળવાને પરિણામે જીએસપીસી ગેસને નાછુટકે સંપૂર્ણપણે આયાતી ગેસ ઉપર જ આધાર રાખવો પડે છે અને આવો આયાતી ગેસ તે કેન્દ્ર સરકાર દ્વારા ઉભી કરાયેલ પેટ્રોનેટ એલએનજી લિમિટેડ મારફતે મંગાવે છે.

પેટ્રોનેટ એલએનજી આ આયાતી ગેસ આંતરરાષ્ટ્રીય કિંમતોને આધારિત ફોર્મ્યુલા અનુસાર પુરો પાડે છે અને તેની કિંમતો દર મહીને વધતી જાય છે. સ્પોટ ગેસની કિંતોમાં

● અનુસંધાન પાન-૭ પર

### નવા અમલી બનેલા ભાવવધારાનો દર

| સેગમેન્ટ | જુનોભાવ રૂ. પ્રતિ કિલોગ્રામ (કરવેરા સહીત) | નવો ભાવ ૧૯/૬/૧૩ થી અમલી રૂ. પ્રતિ કિલોગ્રામ (કરવેરા સહીત) | |
|---|---|---|---|
| સી.એન.જી. | ૬૦.૧૫ | ૬૨.૧૫ | |
| સેગમેન્ટ | જુનો ભાવ રૂ. પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર (SCM) (કરવેરા વગર) | નવો ભાવ તા. ૧૯/૬૧૩ થી અમલી રૂ. પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર (SCM) (કરવેરા વગર) | |
| પીએનજી (ઘરવપરાશ) | ૨૧.૫૦ | દ્વિ માસિક ગેસ વપરાશ (સ્લેબ) | રૂ. પ્રતિ SCM |
| | | પ્રથમ ૩૦ SCM | ૨૫.૫૦ |
| | | ૩૧ થી ૪૦ SCM | ૩૪.૧૦ |
| | | ૪૧ કે તેથી વધુ SCM | ૪૦.૦૦ |

# વસ્તી ગણતરીના પરિણામો જિલ્લા માટે ચિંતાજનક

## સાક્ષરતા દરમાં ચોથા ક્રમે, સેક્સ રેશિયામાં રાજ્યના છેલ્લા પાંચ જિલ્લામાં ગાંધીનગરનો સમાવેશ : મહિલાઓ માટે રોજગારીની તકોમાં પણ છેલ્લા પાંચ જિલ્લામાં સમાવેશ : ગ્રામ્ય વિસ્તારમાં ૬ ટકા જેટલી વસ્તી ઘટાડા પછી પણ વસ્તી વધારાનો દર ૧૨.૫ ટકા : જિલ્લાના ભૌગોલિક વિસ્તારમાં કરાયેલો ફેરફાર મુખ્ય જવાબદાર



ગાંધીનગર, તા. ૧૮ ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામો ગાંધીનગર માટે આઘાતજનક રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વસ્તી વધારાનો દર ૬ ટકા સુધી ઘટવા સાથે જિલ્લાનો ગ્રોથ રેટ ૧૨.૫ ટકા નોંધાયો છે. તો સાક્ષરતા દરમાં જિલ્લો ચોથા ક્રમે ધકેલાયો છે. કામ કરતા મજૂરોની સંખ્યામાં પણ જિલ્લો છેલ્લા પાંચમાં સ્થાન પામેલ છે. એટલું જ નહિ ૦થી ૬ વર્ષના બાળકોના સેક્સ રેસિયામાં તેમજ વસ્તી ગણતરીના સેક્સ રેસિયામાં પણ જિલ્લો છેલ્લા પાંચ જિલ્લામાં સ્થાન પામ્યો છે.

આજે વસ્તીગણતરી ૨૦૧૧ના પરિણામો ગાંધીનગર સ્થિત વસ્તી ગણતરી નિયામકની કચેરીએ પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર જિલ્લાના આ આઘાતજનક અને ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે.

વસ્તી ગણતરી નિયામકની કચેરીએ આજે જાહેર કરેલ પરિણામ મુજબ રાજ્યની કુલ વસ્તી ૬.૦૪ કરોડ થઈ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારની વસ્તુ ૩.૪૭ કરોડ અને શહેરી વસ્તી ૨.૫ કરોડ નોંધાઈ છે. શહેરી વિસ્તારમાં સૌથી વધુ વસ્તી અમદાવાદ જિલ્લામાં નોંધાઈ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ વસ્તી બનાસકાંઠા જિલ્લામાં નોંધાઈ છે. વસ્તી વધારાનો સૌથી ઉંચો દર દાહોદ જિલ્લામાં નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર



વરસાદ વિનાનો વરસાદી માહોલ - ચાર દિવસના સતત વરસાદી ઝાપટા બાદ મંગળવારે મેઘરાજાએ રજા ભોગવી... વાદળો છવાયેલા રહ્યા પરંતુ ધરતી પર વરસ્યા નહિ... બફારો યથાવત રહ્યો... વાદળો હમણાં વરસશે એવી આશા જન્માવતા હતા પરંતુ મોડી સાંજ સુધી એક છાંટોય પડ્યો નહિ.... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં ૧લી ઓક્ટોબરથી ઈબીટીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૮ ગાંધીનગર જિલ્લામાં આગામી ૧લી ઓક્ટોબરથી ડાયરેકટ કેશ ટ્રાન્સફર (ઈબીટી)નો પ્રારંભ થશે. આ માટે બેંકીંગ ક્ષેત્રે તેની તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

ગાંધીનગર જિલ્લામાં વિવિધ સરકારી યોજનાની સહાય હવે ૧લી ઓક્ટોબરથી લાભાર્થીના ખાતામાં સીધી જમા થશે. રાજય અને કેન્દ્ર સરકારની ૩૦થી પણ વધુ યોજનાઓને આ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાની સંકલન સમિતિની મળેલ બેઠકમાં આ અંગેનો નિર્દેશ લીડ બેંક દ્વારા અધિકારીઓને આપવામાં આવ્યો હતો અને તમામ વિભાગોના અધિકારીઓને યોજનાના લાભાર્થીઓની યાદી લીડબેંકને તાત્કાલિક આપવા માટે અધિક કલેકટર શ્રી ડૉ. મોડિયાએ જણાવ્યું હતું.

બેંકીંગ ક્ષેત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ડાયરેકટ કેશ ટ્રાન્સફર (ઈબીટી) યોજના એ કેન્દ્ર સરકારની અતિ મહત્વાકાંક્ષી યોજના છે. કેન્દ્રની યોજનાનો સીધો લાભ લાભાર્થીને મળે તે માટે પ્રથમ તબક્કામાં રાજયના ચાર જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. જયારે આ યોજનાનો બીજો તબક્કો ૧લી ઓક્ટોબરથી શરૂ થશે અને તેમાં ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાની ૩૨ જેટલી બેંકોની ૨૪૦થી પણ વધુ શાખાઓને આવરી લેવામાં આવશે. હાલ જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના નાણાં ચુકવવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીઓના ખાતા ખોલવામાં આવ્યા છે તેમજ નવા ખાતાઓ ખોલવાની કાર્યવાહી ચાલી રહી છે.

જિલ્લામાં બેંકો દ્વારા નવા ખાતાઓ ખોલવા માટેની ઝુંબેશ પણ ચાલે છે જિલ્લામાં નવા ૬૦ હજાર જેટલા ખાતા છેલ્લા ૭ માસમાં જ ખુલ્યા હોવાનું બેંકના સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ યોજનામાં લાભાર્થી માટે આધારકાર્ડનો નંબર પણ ફરજીયાત હોવાથી જિલ્લામાં આધારકાર્ડ માટે હવે ગ્રામ્યકક્ષાએ ખાસ કેમ્પોનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આધાર કાર્ડ આપવાની યોજનાની ધીમી કામગીરીને લઈ જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે નારાજગી વ્યકત કરી હતી અને ત્યારબાદ પણ સુધારો ના જણાતાં તેમણે કલેકટર કચેરી ખાતે બે જેટલા ખાસ કેમ્પ યોજી અને ઝુંબેશને વેગ આપવાનો પ્રયાસ કર્યો છે. હવે આવા કેમ્પો ગ્રામ્ય કક્ષાએ યોજવા માટેનું આયોજન હાથ ધરાયું છે.

બીજી તરફ બેંકોએ પણ નવા ખાતા ખોલવા તેમજ લાભાર્થીઓના ખાતા ખોલવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધેલ છે. આ માટે બેંકના અધિકારીઓને જરુરી સૂચનાઓ સાથે રિઝર્વ બેંકની સૂચનાઓ પણ મોકલી આપવામાં આવી છે.

બેંકમાં ખાતુ નહિ હોય અને આધારકાર્ડ નહિ હોય તો ૧લી ઓક્ટોબર પછી સરકારની યોજનાનો લાભ મળશે નહિ તે સ્પષ્ટ થઈ જવા પામ્યું છે. આ યોજનાના અમલ માટે બેંકીંગ ક્ષેત્ર અને જિલ્લા તંત્ર એ આગામી દિવસોમાં ખભેખભા મિલાવી આગળ વધવાની વ્યુહરચના તૈયાર કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.










